## જન્મદિને હાર્દિક વધામણી



કિશન કે ઉપાધ્યાય
મો. ૯૪૨૬૧ ૭૧૯૫૮



કિરણકુમાર રતિલાલ પંડ્યા
નિવૃત્ત કાર્યપાલક ઈજનેર
મો. ૯૮૨૪૧ ૮૪૩૯૫



જોગીંદર કટોચ
મો. ૯૯૨૪૪ ૨૩૬૮૭



કાંતિભાઈ એમ શર્મા
પ્રેસ ફોટોગ્રાફર, ફિલાટેલિસ્ટ
મો. ૯૪૨૬૬ ૨૪૪૯૧

# ગાંધીનગર બીબીએ કૉલેજ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓનું માર્ગદર્શન



## કૉલેજમાં તૃતિય વર્ષમાં અભ્યાસ કરતા ૨૨૫ જેટલા વિદ્યાર્થીઓએ આ વર્કશૉપમાં ભાગ લઈ આયોજન પરત્વે સંતોષ વ્યક્ત કર્યો

ગાંધીનગર, તા. ૧૯

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કૉલેજ, ગાંધીનગર દ્વારા તૃતિય વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓનું માર્ગદર્શન આપતા વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તૃતિય વર્ષમાં અભ્યાસ કરતા ૨૨૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ વર્કશૉપનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં રહેલા વિવિધ સ્પર્ધાત્મકતા કેળવવાનાં કૌશલ્યો વિકસે તેમજ ઉચ્ચ અભ્યાસ, કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, બેંકીંગ સહિતની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે ચાવીરૂપ માર્ગદર્શન મળી રહે એવો રહ્યો હતો. કૉલેજના આ પ્રયાસને વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ તરફથી ખૂબ હકારાત્મક પ્રતિસાદ મળ્યો હતો.

વર્કશૉપમાં વિદ્યાર્થીઓનો હકારાત્મક અભિગમ કેળવાય તથા કારકિર્દી ઘડતર માટે જરૂરી વિષયો અંગ્રેજી, ગણિત, તર્કશક્તિ, સામાન્ય જ્ઞાન તેમજ ઈન્ટવ્યૂ માટેની ટીપ્સ ઉપરાંત વિદ્યાર્થીના સમગ્ર વ્યક્તિત્વનો વિકાસ થાય તેવું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આચાર્ય ડૉ. રમાકાન્ત પ્રસ્ટીના માર્ગદર્શન હેઠળ ઈન-ચાર્જ ડૉ. જયેશ તન્ના તેમજ સમગ્ર ટીમ દ્વારા કાર્યક્રમ સફળ બનાવવામાં આવ્યો હતો. તજ્જ્ઞ તરીકે ભૌમિક પરીખ, તરલ પટેલ અને મંગલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.



સૅક્ટર-૨૨ ખાતે ઉજવાઈ રહેલા ગણેશ મહોત્સવ અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમોની શ્રુંખલામાં પ્રથમ મણકારૂપે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા ગીત, સંગીત, નૃત્યથી સભર સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ પોતાની નર્તનકલાથી પ્રેક્ષકોનાં દિલ જીતી લીધાં હતાં. શાળાઓ અંતર્ગત ઍમ બી પટેલના વિદ્યાર્થીઓએ પણ પોતાનો કલા કસબ રજૂ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાનાં ઍક્ટિવિટી શિક્ષિકા મનાલીબેન, નિમિષાબેન અને વર્ષાબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

# વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છ ભારત અભિયાન જાગૃતિ અંગે રેલી અને જાહેર સ્થળ સફાઈ કાર્યક્રમ યોજાયો



શ્રી સ્વામીનારાયણ ગુરુકુળ વિદ્યાલય (ગુજરાતી માધ્યમ) અને શ્રીહરિ ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ (અંગ્રેજી માધ્યમ) દ્વારા સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત સ્વચ્છતા અંગેની જાગૃતિ માટે વિદ્યાર્થીઓએ પોસ્ટર તેમજ બૅનર સહિત સ્વચ્છતા રેલીનું આયોજન કર્યું હતું. આ વિદ્યાર્થીઓએ સાથે મળીને ઘ-૫ સર્કલની સફાઈ પણ કરી હતી. વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ સાથે મળીને પૂ. રવિશંકર મહારાજની પ્રતિમાની સફાઈ કરી સમાજને સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો. ટ્રસ્ટી રામકૃષ્ણ સ્વામી, ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી ઍસ ઍમ બારડ અને શાળાના આચાર્ય ઉમંગભાઈ વસાણીએ આ પ્રસંગે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓ, શિક્ષકોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

# ચારુતર વિદ્યામંડળની મહિલા ઈજનેરી કૉલેજની વિદ્યાર્થીનીઓને ખાસ શિષ્યવૃત્તિ આપવાની પહેલ

## સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની પ્રેરણાથી મહિલા સશક્તિકરણના નવા ઉપક્રમની શરૂઆત : વર્ષ ૨૦૧૬-'૧૭માં એમબીઆઈસીટીની ૨૫ વિદ્યાર્થીનીઓને ફીમાફી અપાશે

ગાંધીનગર, તા. ૧૯

મહિલા સશક્તિકરણની દિશામાં સદાય અગ્રેસર રહેનાર ચારુતર વિદ્યામંડળે ગુજરાતની સર્વપ્રથમ મહિલા ઍન્જિનિયરિંગ કૉલેજ શરૂ કરીને વિદ્યાર્થીનીઓને ઈજનેરી શિક્ષણ આપવાની સાથે જ આર્થિક રીતે નબળી વિદ્યાર્થીનીઓને શિષ્યવૃત્તિ આપવાની દિશામાં પહેલ કરી છે. રાજ્ય સરકાર મહિલા સશક્તિકરણની બાબતમાં ઘણી બધી યોજનાઓ હાથ ધરતી હોવાથી ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલના નેજા હેઠળ શરૂ કરાયેલી રાજ્યની સર્વપ્રથમ મહિલા ઍન્જિનિયરિંગ કૉલેજને તેની માળખાકીય સુવિધાઓ સાથે રાજ્ય સરકારની બ્લોક ગ્રાન્ટની સાથેની અનુદાનિત કૉલેજોમાં સમાવવા રાજ્ય સરકારને અનુરોધ કર્યો હોવા છતાં સરકાર તરફથી સાનુકૂળ પ્રતિસાદ સાંપડ્યો નથી. બ્લોક ગ્રાન્ટવાળી કૉલેજોનાં સંચાલક મંડળે પગાર અને ઈતર ખર્ચના ૧૦ ટકાનો બોજ ઊઠાવવાનો રહે છે. જોકે ગુજરાતના સૌથી વિશાળ શિક્ષણસંકુલ એવા ચારુતર વિદ્યામંડળે વિદ્યાર્થીનીઓને ઈજનેરી શિક્ષણ રાહતના દરે મળે એ દિશામાં પોતાના પ્રયાસો અવિરત ચાલુ રાખ્યા છે અને તેને સમાજ તરફથી પણ સાનુકૂળ પ્રતિસાદ મળી રહ્યો હોવાનું ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે જણાવ્યું હતું.

ચારુતર વિદ્યામંડળસંચાલિત મહિલા ઈજનેરી કૉલેજ 'મધુબેન ઍન્ડ ભાનુભાઈ પટેલ વીમેન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઍન્જિનિયરિંગ ફોર સ્ટડીઝ ઍન્ડ રિસર્ચ ઈન કમ્પ્યુટર ઍન્ડ કૉમ્યુનિકેશન ટૅકનોલોજી (એમબીઆઈસીટી)' ઍલિકોન ગ્રુપ ઑફ કંપનીઝના સહકારથી સ્થાપવામાં આવી છે. છેલ્લાં સાત વર્ષથી ગુજરાત ટૅકનોલોજીકલ યુનિવર્સિટીની પરીક્ષાઓમાં એમબીઆઈસીટીની વિદ્યાર્થીનીઓનું પરિણામ રાજ્યસ્તરે પ્રથમ પાંચ ક્રમમાં આવે છે. સામાન્ય રીતે દર ત્રણ વર્ષે ઈજનેરી કૉલેજની ફીમાં સરકારની ફી નિર્ધારક સમિતિ ફીવૃદ્ધિ મંજૂર કરતી હોય છે, પરંતુ ચારુતર વિદ્યામંડળની મહિલા સશક્તિકરણને પ્રોત્સાહિત કરવાની ભૂમિકાને અનુસરીને પાંચ વર્ષ માટે આ કૉલેજની વાર્ષિક ફી રૂા.૭૧,૦૦૦/- જ જાળવી રાખવાનું સંચાલક મંડળે નક્કી કર્યું છે, એવું સીવીએમના અધ્યક્ષ ડૉ. સી. એલ. પટેલે જણાવ્યું હતું. મહિલા સશક્તિકરણની ઉજવણીના ભાગરૂપે ચારુતર વિદ્યામંડળે આવતા વર્ષે ટ્રસ્ટ તરફથી ધોરણ ૧૨માઆં ૭૦ ટકા ઉપરાંત ગુણ સાથે આ કૉલેજમાં પ્રવેશ મેળવનાર ૨૫ વિદ્યાર્થીનીઓને ફી માફી આપવાનું નક્કી કર્યું છે અને આ લાભ ફક્ત શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-'૧૭ પૂરતો મર્યાદિત રહેશે, એવું સીવીએમના અધ્યક્ષ ડૉ. સી. એલ. પટેલે જાહેર કર્યું હતું.

ડૉ.પટેલે ઉમેર્યું હતું કે આર્થિક રીતે નબળા વર્ગમાંથી આવતી તેજસ્વી વિદ્યાર્થીનીઓને સરકારની 'ફી વેવર સ્કીમ' હેઠળ ફીમુક્તિનો લાભ મળે છે. તે ઉપરાંત વિવિધ સંસ્થાઓ અને ટ્રસ્ટો તરફથી સ્કૉલરશિપ તરીકે ફીની રકમ અપાતી હોવાથી અમો આવી વિદ્યાર્થીનીઓને મદદરૂપ થઈને ઈજનેરી શિક્ષણ પ્રાપ્ત કરવામાં સહાય કરીએ છીએ. એમબીઆઈસીટીમાં વિવિધ અભ્યાસક્રમોમાં કુલ ૪૨૦ બેઠકોપૈકી ઈલેક્ટ્રોનિક્સ ઍન્ડ કમ્યુનિકેશન ઍન્જિનિયરિંગમાં ૬૦, કમ્પ્યુટર ઍન્જિનિયરિંગમાં ૧૨૦, ઈન્ફર્મેશન ટૅકનોલૉજીમાં ૬૦, ઈન્ફર્મેશન ઍન્ડ કૉમ્યુનિકેશન ટૅકનોલૉજીમાં ૬૦ અને કમ્પ્યુટર સાયન્સ ઍન્ડ ઍન્જિનિયરિંગમાં ૧૨૦ બેઠકો પર પ્રવેશ મળી શકે છે. તેમાંથી પાંચ ટકા બેઠકો એટલે કે ૨૦ કરતાંપણ વધુ બેઠકો પર ફી વેવર સ્કીમમાં વિદ્યાર્થીનીઓ મફત ભણી શકે છે. તે ઉપરાંત લાંભવેલના માધવતીર્થ ચેરિટેબલ ટ્રસ્ટના સ્વામી માધવતીર્થના ભક્તગણ તરફથી દર વર્ષે અમુક વિદ્યાર્થીનીઓને ફી માટેની સ્કોલરશિપ અપાય છે.

## મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧**
ઍવરેસ્ટ (હિન્દી, ૩ડી)
સવારે ૯.૨૦, ૨.૪૦, ૫.૨૦, ૧૦.૪૦
ઍવરેસ્ટ (અંગ્રેજી, ૩ડી)
૧૨.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૨**
ઍવરેસ્ટ (હિન્દી)
સવારે ૧૦.૪૦
હીરો
૧.૧૫, ૭.૦૦
વૅલકમ બૅક
૪.૦૦, ૯.૫૦

**સ્ક્રીન-૩**
કટ્ટી બટ્ટી
૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૪**
કટ્ટી બટ્ટી
સવારે ૯.૧૫, ૩.૧૫, ૯.૧૫
મેરઠીયા ગેંગસ્ટર્સ
૧૨.૧૫
ગુજ્જુભાઈ ધી ગ્રેટ (ગુજરાતી)
૬.૧૫

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
કટ્ટી બટ્ટી
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
વૅલકમ બૅક
૧૦.૦૦
કટ્ટી બટ્ટી
૨.૦૦, ૪.૪૫, ૭.૩૦

**સ્ક્રીન-૪**
વૅલકમ બૅક
૭.૧૫
હીરો
૨.૧૫, ૧૦.૧૫
મેરઠીયા ગેંગસ્ટર
૧૨.૦૦, ૪.૪૫

**સ્ક્રીન-૫**
કટ્ટી બટ્ટી
૧૦.૦૦
વૅલકમ બૅક
૧.૦૦
ગુજ્જુભાઈ ધ ગ્રેટ (ગુજરાતી)
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

# કટ્ટી બટ્ટી : તન-મનથી યુવાઓ માટે માત્ર; 'વાય' સર્ટિફિકેટ ધરાવતી ફિલ્મ



**રિયલ વ્યુ**
હિરેન ભટ્ટ

કંગના રનૌત અને ઈમરાન ખાનની ફિલ્મ 'કટ્ટી બટ્ટી' યંગ જનરેશનની ન્યુ એજ ફિલ્મ છે. ભારતીય સેન્સર બોર્ડ ફિલ્મોને 'એ' સર્ટિફિકેટ આપીને ૧૮ વર્ષથી ઉપરની વયનાઓને જ ફિલ્મ જોવાની પરવાનગી આપે છે એમ 'કટ્ટી બટ્ટી' જેવી ફિલ્મને 'વાય' સર્ટિફિકેટ આપીને માત્ર અને માત્ર યુવાઓ માટેની જ ફિલ્મની કક્ષા શરૂ કરવા જેવી છે !!! પછી ભલે તમે માત્ર તનથી નહી મનથી પણ યુવા હોવ તો ચાલે...

છેલ્લા બે મહિનાથી આપણે જેમની ફિલ્મો જોઈ રહ્યા છીએ (બજરંગી ભાઈજાન અને હીરો) એ દિગ્દર્શક નિખિલ અડવાણીની ઉપરા છાપરી 'કટ્ટી બટ્ટી' ત્રીજી ફિલ્મ છે.

'કટ્ટી બટ્ટી' ટાઈટલ પ્રમાણે જ બે મિત્રો-પ્રેમીઓની કટ્ટી અને બટ્ટીની વાત છે. ઈમરાન ખાન (માધવ કાબરા-મેડી) અને કંગના રનૌત (પાયલ) આર્કીટેક્ટરના વિદ્યાર્થીઓ છે. સીધા સાદા અને ભવોભવના પ્રેમમાં વિશ્વાસ ધરાવતા માધવ-મેડીને ચુલબુલી અને ભવોભવના જરાય નહીં માત્ર પલભરના પ્રેમમાં જ માનતી પાયલ સાથે પ્રેમ થઈ જાય છે. પાયલ પણ મેડીનો પલભરના પ્રેમ માટે જ સ્વિકાર કરે છે, પરન્તુ કાળાન્તરે પ્રેમ હોય કે ન હોય એ હૈયાં પર પોતાની છાપ તો અમીટ છોડી જાય છે.

અભ્યાસ પછી પણ પ્રેમ યથાવત રહે છે. પાયલ પોતાનું શહેર છોડીને મેડી સાથે રહેવા આવી જાય છે. બન્ને લગ્ન વિના જ લિવ-ઈન રિલેશનશીપમાં રહે છે. પાંચ વર્ષના લિવ-ઈન રિલેશન દરમિયાન બન્ને વચ્ચે વારંવાર કટ્ટી-બટ્ટી થયા જ કરે છે. આમ છતાં બન્ને વચ્ચેનો પ્રેમ અકબંધ છે. રહેતાં-રહેતાં મેડી પાયલને નખ-શીખ સ્વિકારે છે તો પાયલ પણ મેડીની માનસિક્તાનો સંપૂર્ણ સ્વિકાર કરે છે. બન્નેને એક બીજા માટે અપાર પ્રેમ છે... પરન્તુ એકાએક જ બન્ને વચ્ચે ઝઘડા થવા માંડે છે. વાતે વાતે વાંધા પડવા લાગે છે. એક બીજાનો એકે એક વાતમાં અસ્વિકાર આવે છે. અને એક ઘટના તો એવી બને છે કે બન્ને છૂટા પડી જાય છે...

પ્રેમમાં પડેલા બે વ્યક્તિત્વો ભલે ભિન્ન હોય, પરન્તુ બન્ને ને એક-મેકની આદત પડી જતી હોય છે. મેડીને હવે પાયલની આદત પડી ગઈ છે, અને ઉંછાછડી પાયલ પણ મેડીમાં ઠરીઠામ થઈ છે, છતાં બન્નેની કટ્ટી જ છે... આમ કેમ...? બન્ને વચ્ચેનો અપાર-અમાપ-અમીર-સાત જનમનો સ્નેહ કેમ છૂ થઈ ગયો ? આ પ્રશ્નો જ તો મૂળ ફિલ્મ છે. આ પ્રશ્નો સિવાયની વાત તો માત્ર પ્રસ્તાવના હતી...!!!

દિગ્દર્શક નિખિલ અડવાણીએ લેખક અંશુલ સિંઘલ સાથે મળીને 'કટ્ટી બટ્ટી'ની વાર્તા લખી છે. આ વાર્તાની પ્રસ્તાવના જ એટલી લાંબી છે કે બે કલાકને ૨૦ મિનિટની આ ફિલ્મમાં અડધો કલાકના ગીતો ને બાદ કરીએ તો છેલ્લી ૨૦ મિનિટમાં જ ફિલ્મની મૂળ વાત આવે છે. પ્રસ્તાવના લાંબી લચ્ચ અને થોડી નિરસ અને કંટાળાજનક છે. પ્રેક્ષકોને એમ લાગે કે 'કટ્ટી બટ્ટી'માં કંઈ છે જ નહીં, ધીરજનો સાવ અંત આવી જાય ત્યાં અને ત્યારે પછી 'કટ્ટી બટ્ટી'માં જાન આવે છે અને ફિલ્મમાં કંઈક વજન ઉમેરાય છે. આપણે આખી ફિલ્મ સાથે 'કટ્ટી' કરવાના મૂડમાં આવી જઈએ ત્યાં છેલ્લે 'બટ્ટી' કરીને બહાર નિકળીએ એવું થાય છે !!!

દિગ્દર્શક નિખિલ અડવાણી આ ફિલ્મના કો-પ્રોડ્યુસર પણ છે એટલે ફિલ્મની સફળતા બાબતે તેઓ વિશેષ ચિંતિત રહેતા હોય એવું બને, અને એટલે જ એમની સર્જનશીલતા પર થોડી ઘણી અસર વર્તાતી હોય એવું લાગે છે. જોકે 'કટ્ટી બટ્ટી' સાવ 'હિરો' જેવી તો નથી જ. 'કટ્ટી બટ્ટી'ની વાર્તાને અટપટા સ્ક્રીન-પ્લે એ વધુ અટપટી બનાવી દીધી છે. અવાર-નવાર આવતા ફ્લેશ બૅક ને કારણે પ્રેક્ષકોનું સાતત્ય તૂટતું હોય એવું લાગે છે. ફિલ્મને વધુ યુથફુલ બનાવવામાં દિગ્દર્શક જરૂર સફળ રહ્યા છે, પરન્તુ એમ કરવા જતાં ફિલ્મ વારંવાર કનેક્શન છોડે છે.

લેખક-દિગ્દર્શક મિલાપ ઝવેરીના નાના ભાઈ અને નિખિલ અડવાણીના સહાયક તરીકે છ વર્ષથી વધુ સમયથી સાથે રહેલા માહીર ઝવેરીની એડીટર તરીકેની આ પહેલી ફિલ્મ છે. માહીર ઝવેરીએ પોતાનો સર્વશ્રેષ્ઠ પ્રયાસ કરીને 'કટ્ટી બટ્ટી'ની પ્રવાહિતા જાળવવાનો પુરતો પ્રયાસ કર્યો છે. રૂપલ રાવલ, શિવ ક્રિષ્ના અને સાધનાલાની વિઝ્યુઅલ ઈફેક્ટ્સ ફિલ્મોમાં સર્જનાત્મકતાના નવા પરિમાણ ઉમેરે છે. 'લીપ ટુ લીપ દે કિસીંયા...' ગીતમાં વિઝ્યુઅલ ઈફેક્ટ્સ પ્રેક્ષણીય અને ચરમસીમાએ છે... આ પરિબળોએ 'કટ્ટી બટ્ટી'ને ન્યુએજ ફિલ્મ બનાવી છે.

ટેકનીકલ પાસાઓની વાત જ નિકળી છે તો આપણે 'કટ્ટી બટ્ટી'ના શંકર-અહેસાન-લોયના સંગીતની વાત પણ કરી લઈએ. 'કટ્ટી બટ્ટી'ના ગીતો અત્યારે યુવાનોમાં અતિ પ્રિય છે. નિખિલ ડિ'સોઝા અને રિતુ પાઠકે ગાયેલું 'લીપ ટુ લીપ દે કિસીંયા...' તો લોકપ્રિય થઈ જ ગયું છે. પણ સ્વયં શંકર મહાદેવને ગાયેલું 'સો આંસુ રોયે દો અખિયાં...' પણ મજાનું છે. શંકર મહાદેવનના શ્રીગણેશ એટલે કે તેમના સુપુત્ર સિધ્ધાર્થ મહાદેવને નીતિ મોહન સાથે ગાયેલું તોફાની ગીત - 'મૈં ભી સરફીરા.. તુ ભી સરફીરી...' પણ પ્રત્યેક પ્રેમીઓને પોતીકું લાગે એવું ગીત છે. પર્સનલી મને જો કોઈ સૌથી વધુ ગમ્યું હોય તો એ છે 'ઓ વે જાણિયાં...' ગીતકાર-કવિ કુમારના શબ્દો છે - 'ઓ વે જાણિયાં... જી દે જાણિયાં, જીંદડી દે જાણિયાં... ઈશ્ક કો જીને-મરને કે તરાઝુ મેં ના તોલ રે, ઈશ્ક કરે જો વોહી જાને, ક્યા હૈ ઈસકા મોલ રે... ઈશ્ક, વાદા યા તુ; જબ દિલને રબ સે પુછા, તેરી અખિયોં સે દિયા જવાબ... ઈશ્ક દા રૂતબા હો સબસે ઊંચા... ' આ ગીત મેલ અને ફિમેલ-બે વર્ઝનમાં છે. ગાયક મોહન કાનન અને ગાયિકા સયાની પલીતે અલગ-અલગ રીતે આ ગીતને ખૂબ જ ઋજુતાથી ગાયું છે. 'કટ્ટી બટ્ટી' જોઈને નિકળો એટલે આ જ ગીત તમારા મન-હૃદયમાં ગૂંજતું હશે એમાં બે-મત નથી.

કંગના રનૌત 'કટ્ટી બટ્ટી'નો હિરો છે. અને ઈમરાન ખાન હિરોઈન... એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. (જો કે પ્રત્યેક પ્રેમ કહાનીમાં વાસ્તવિક્તા તો આ જ હોય છે !!!) પ્રેક્ષકો કંગનાને કારણે જ સિનેમાગૃહ સુધી ખેંચાઈ આવે છે એમાં બે-મત નથી. 'ક્વીન' માટે નેશનલ એવોર્ડ 'તન્નુ વેડ્સ મનુ' માટે ઢગલાબંધ અભિનંદનો અને વખાણોના ગાડાં ભરીને ઘેર લઈ ગયેલી કંગના રનૌત શ્રેષ્ઠ અભિનેત્રી છે, એ નિર્વિવાદ છે. કંગનાએ 'કટ્ટી બટ્ટી'ને પોતાના ખભે ઉપાડી લીધી છે અને ફરી એક વખત એ શ્રેષ્ઠ અભિનેત્રી છે એ સાબિત કરી દેખાડ્યું છે.

આમીરખાનના ભત્રીજા ઈમરાન ખાનની પોતાની આગવી એક છાપ છે. 'જાને તુ... યા જાને ના' થી શરૂ કરીને 'હેટ લવ સ્ટોરીઝ', 'દેલ્લી બેલી', 'મેરે બ્રધર કી દુલ્હન', 'એક મૈં ઔર એક તુ...' કોઈ પણ ફિલ્મ લઈ લો ઈમરાન ખાન આવો ને આવો જ છે.

બધામાં લગભગ એક સરખી ભૂમિકા અને બધામાં એક જ સરખો અભિનય. ઈમરાન ખાનને રોલનું વૈવિધ્ય કદાચ ઓફર જ થતું નથી અને ઈમરાન ખાન પણ પોતાની છાપમાં કમ્ફર્ટેબલ ફીલ કરતો હોય એવું લાગે છે. ટૂંકમાં ઈમરાન ખાન સ્ટીરીયો ટાઈપ છે, છતાં ભૂમિકાને યોગ્ય ન્યાય આપે છે.

ફિલ્મ બે પાત્રોની આસપાસ જ છે, એટલે બીજા કોઈએ કંઈ કરવાનું નથી. હા, ગાંધીનગરના નાટ્યકાર અને લેખક કુંતલ નિમાવતે લખ્યું હતું એમ આપણા ગાંધીનગરના સેક્ટર-૩-ડીમાં રહેતો યુવાન અભિનેતા જીમેશ પટેલ ઈમરાન ખાનના મિત્ર 'રઘુ'ની ભૂમિકામાં છે.

કુંતલ નિમાવત પાસેથી જ અભિનયનો એકડો ઘૂંટીને તૈયાર થયેલા આ અભિનેતાએ સિટી પલ્સની અભિનય શાળામાં પણ તાલીમ લીધી છે. પ્રમાણમાં નોંધપાત્ર કહેવાય એવી ભૂમિકા ગાંધીનગરના આ અભિનેતાને ફાળે આવી છે. ગાંધીનગરના આ કલાકારને અભિનંદન...

જો તમે યુથફુલ હો.. જો તમારું તન તો ઠીક છે, મન પણ યુવાન હશે તો જ આ ફિલ્મ તમને સહ્ય લાગશે બાકી બોરીંગ... લાંબી લચ્ચ પ્રસ્તાવના પછી તમારામાં ધીરજ હશે તો છેલ્લી ૨૦ મિનિટમાં પૈસા વસુલ લાગશે... ટૂંકમાં જાઓ તો ય સારું... ના જાઓ તો યે સારું... પ્રેમનું સ્મરણ છે પ્રેમીઓથી પ્યારું...!!!



